જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૧૩ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા  હેઠળ ઝડપાયાઃ-**                    **સમાચાર યાદી નં.૩૭૧૮/૧૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૭ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી ૨૧ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ સ્કુટી કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૯૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**                    **સમાચાર યાદી નં.૩૭૧૯/૧૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧મુજબ કુલ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહીબીશન એકટ ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિની અટકાયત કરી હતી.

**શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ-**                    **સમાચાર યાદી નં.૩૭૨૦/૧૩**

તા.૯/૧૨/૧૩ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૭૯૦૪ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૪,૫૭,૦૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૨૭ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૪૨ વાહનો ટો કરી રૂપિયા ૯,૦૨૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૫ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૨ આઈ.પી.સી. ૨૭૯ મુજબ ૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૪૨૪૬ કેસ કરી રૂપિયા ૨,૧૨,૨૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૩ થી તા.૯/૧૨/૧૩ સુધીમાં કુલ ૧૫,૫૩,૦૩૭ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૨૬,૯૩,૮૦૦/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

**અપહરણઃ-**                    **સમાચાર યાદી નં.૩૭૨૧/૧૩**

**ઘાટલોડીયાઃ** પુજાબહેન ભરતભાઇ પ્રજાપતિ (ઉ.વ.૧૬) (રહે.શ્રીનાથ કોલોની સમર્પણ ટાવરની બાજુમાં કે.કે નગર ઘાટલોડીયા) ને તા.૬/૧૨/૨૦૧૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી દિવ્યાંગ જગદીશભાઇ કડિયા (રહે. જ્યુપીટર સોસાયટી કે.કે નગર ઘાટલોડીયા) લલચાવી ફોસલાવી લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનના પિતા ભરતભાઈ પ્રજાપતિએ તા.૯/૧૨/૧૩ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે ગોંડલીયા ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૭૨૨/૧૩**

**વેજલપુર :** યશવંતકુમાર નાગજીભાઇ ચૌધરી (રહે.આકૃતી સોસાયટી, મહાદેવનગર) એ તા.૯/૧૨/03 ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ ૨૦૧૨ થી નવેમ્બર ૨૦૧૩ સુધીનાં સમયગાળામાં યશવંતકુમાર અને તેમના મિત્રની દિકરીને ઇફ્કો કંપનીમાં સારી પોસ્ટ ઉપર નોકરી આપવાની લાલચ આપી રૂપિયા ૧૨,૯૦,000/- લઇ ઇફ્કો કંપની મેનેજરનો ખોટી સહીવાળો એપોઇન્ટમેન્ટ લેટર આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.આઇ.મોદી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૨૩/૧૩**

**કારંજ :** નિલમબહેન પૈરીનભાઇ પટેલ (રહે.સાકાર ફ્લેટ, જનતાનગર રોડ, ઘાટલોડીયા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૩ સવારના ૧૦/૦૦ થી બપોરનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન રીલીફ રોડ, એસ.વી.કોલેજ નજીક પાર્ક કરેલ એક્ટિવાની ડેકીમાંથી અજાણી વ્યકિત નોકિયા કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫૦૦/-, રોકડ રૂપિયા ૩,૭૦૦/- અને એસ.બી.આઇ. તથા બેંક ઓફ બરોડાનાં એ.ટી.એમ.ની ચોરી કરી એસ.બી.આઇ.નાં એ.ટી.એમ.કાર્ડનાં ઉપયોગથી રૂપિયા ૩૨,૫૦૦/- ઉપાડી લીધા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એન.ઘાસુરા ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૩૭૨૪/૧૩**

**ઇસનપુર :** તા.૫/૧૨/૧૩ બપોરના ૧/30 વાગ્યાના સુમારે ઘોડાસર આવકાર હોલ નજીકથી નિશાંત મુકેશભાઇ પટેલ મોટર સાયકલ લઇ પસાર થઇ રહ્યા હતા ત્યારે આરોપી (૧) જાનમહંમદ (૨)શકીલ અહેમદ (૩) આજમ અને (૪) યાસીન (જેમના પુરા નામ સરનામાની ખબર નથી) એ નિશાંત પટેલને રોકી ચપ્પુ બતાવી સોનાની વિંટી કિંમત રૂપિયા ૪૦,000/- અને રોકડ રૂપિયા ૧૦૦૦/- લુંટી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિશાંત પટેલનાં પિતા મુકેશભાઇ અરવિંદભાઇ પટેલ (રહે.યશ બંગ્લોઝ, ઘોડાસર) એ તા.૯/૧૨/૧૩ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

**ચેઇન સ્નેચીંગ :-** **સમાચાર યાદી નં.૩૭૨૫/૧૩**

**મેઘાણીનગર :** રૂચીતાબહેન બંસીભાઇ જૈન (રહે. યોગેશ્વરકૃપા એપાર્ટમેન્ટ, ઇન્ડીયા કોલોની રોડ, બાપુનગર) તા.૯/૧૨/૧૩ બપોરના ૨/30 વાગ્યાના સુમારે આશાપુરીની ચાલી, મીના ગોલ્ડ જ્વેલર્સ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક હંક હોન્ડા મોટર સાયકલ ઉપર આવેલ ૨૫ થી 30 વર્ષના આશરાનો પુરૂષ રૂચીતાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,000/- તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રૂચીતાબહેન જૈને મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.પરમાર ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૨૬/૧૩**

**મણીનગર :** ભરતભાઇ હસમુખરાય પંડ્યા (રહે.હર્ષ એપાર્ટમેન્ટ, કુમકુમ વિદ્યાલયની બાજુમાં, મણીનગર) એ તા.૫/૧૨/૧૩ રાતના ૧૦/30 વાગે રહેણાંક નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ સી.ટી. ૪૩ કિમત રૂપિયા ૪૦,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૧૨/૧૩ સવારનાં ૧૧/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઇ પંડ્યાએ તા.૯/૧૨/૧૩ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ગઢવી ચલાવે છે.

**કાગડાપીઠ :** મુશીરખાન મુજીબખાન પઠાણ (રહે.જમાલપુર સંચા મિલની ચાલી, એફ.ડી સ્કુલની પાસે, મુંડા દરવાજા) એ તા.૭/૧૨/૧૩ સાંજના ૫/૩૦ વાગે કાંકરીયા લુહાણા ભવન પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૨ એકસ.એક્સ. ૩૭૭૨ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મુશીરખાન પઠાણે તા.૯/૧૨/૧૩ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી એ.ડી.રાઓલ ચલાવે છે.

**ચાંદખેડા :** મહેશભાઇ જશાભાઇ રબારી (રહે. કુંદનગર ફ્લેટ, તેજેન્દ્રનગર વિભાગ-૭, ત્રાગડ રોડ, ચાંદખેડા) એ તા.૮/૧૨/૧૩ રાતના ૯/૦૦ વાગે રહેણાંક નજીક નિશાંત સ્ટોર આગળ પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૧ બી.યુ. ૬૯૧૨ કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૧૨/૧૩ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેશભાઇ રબારીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુર :** જીતેન્દ્રભાઇ ગુલાબચંદ શર્મા (રહે.ચંન્દ્રગુપ્ત એપાર્ટમેન્ટ,ગોરધનદાસ ચેરીટેબલ હોસ્પિટલ પાછળ, સનરાઇઝ પાર્ક સામે, વસ્ત્રાપુર)એ તા.૧/૧૨/૧૩ બપોરના ૪/૦૦ વાગે રહેણાંક નજીક રોડ ઉપર પોતાની મારૂતિ ફ્રન્ટી કાર નંબર જીજે ૧ પી.પી.૧૩૫૭ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રભાઇ શર્માએ તા.૯/૧૨/૦૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૩૭૨૭/૧૩**

**નરોડા :** નેકરામ કરણસિંહ કુશવાહ (રહે.વસ્ત્રાલ, શ્રેય એક્ઝોટીકા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે કઠવાડા રિંગ રોડ સરદાર પાર્ટી પ્લોટ નજીકથી નેકરામ કુશવાહના કુટુંબી મામા વિરેન્દ્રસિંગ રામપ્રકાશ નિયાદ (ઉ.વ.૨૩)(રહે.વસ્ત્રાલ,શ્રેય એક્ઝોટીકા) પસાર થતાં હતા દરમ્યાન વેગનઆર કાર નં.જીજે. ૧૮ એ.બી ૬૬૮ ના ચાલકે પોતાની કાર બેદરકારીથી ચલાવી વિરેન્દ્રસિંગને ટક્કર મારી મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૩૭૨૮/૧૩**

**અમરાઇવાડી :** દક્ષાબહેન શૈલેષભાઇ સોલંકી (ઉ.વ.૩૨)(રહે.ગીતાનગર ચાલી, નાગરવેલ અમરાઇવાડી) એ કોઇ કારણસર તા.૯/૧૨/૧૩ બપોરનાં ૧૨/૦૦ વાગે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.રાઠવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.